ODYSSEY
Corporation Ltd.

## ઓડેસી કોર્પોરેશન રજૂ કરે છે

## ગઝલ કીંગ, ગાયક, કમ્પોઝર, સંગીત નિર્દેશક, એક્ટીવીસ્ટ અને ઉદ્યોગ સાહસિક

## પદ્મભૂષણ જગજીત સિંઘ-ધ લીવીંગ લીજેન્ડનું "ગઝલ સિમ્ફની"

# વિશ્વમાં પ્રથમવાર આ મહાન ગઝલ કીંગ ૩૦ સંગીતકારો સાથે લાઈવ પર્ફોર્મન્સ અમદાવાદમાં રજૂ કરશે

**અમદાવાદ, ૧૬ ડિસેમ્બર, ૨૦૧૦:** ઓડીસી કોર્પોરેશન લિ.,મુંબઈનો "ગઝલ સિમ્ફની"નો ભવ્ય કાર્યક્રમ અમદાવાદમાં શુક્રવાર, તા.૧૭ ડિસેમ્બરના રોજ રાજપથ ખાતે પદ્મભૂષણ ગઝલ સમ્રાટ જગજીત સિંઘ દ્વારા રજૂ કરવામાં આવશે.

ગઝલ ગાયક, કમ્પોઝર, સંગીત નિર્દેષક એક્ટીવીસ્ટ અને ઉદ્યોગ સાહસિક જગજીત સિંઘના ગઝલ સિમ્ફની કાર્યક્રમમાં દુનિયામાં સૌ પ્રથમ વખત આ મહાન સંગીતકાર ૩૦ પ્રતિભાશાળી સંગીતકારો સાથે અગાઉ ક્યારેય જોવા ન મળ્યું હોય તેવો લાઈવ પર્ફોર્મન્સ રજૂ કરશે. આ સમારંભ માત્ર ભારતીય દર્શકો જ નહી પણ વિશ્વના ગઝલ ચાહકો માટે યાદગાર નજરાણું બની રહેશે.

મનોરંજન અને ગ્લેમરની દુનિયામાં પાયોનિયર અને અગ્રણી ગણાતા ઓડીસી કોર્પોરેશન લિ.ના ટેકનોક્રેટસ હેમાંશુ મહેતા અને પ્રદીપ ગોરડીયા લીવીંગ લીજેન્ડ જગજીત સિંઘ સાથે એક અનોખો કાર્યક્રમ ગઝલ સિમ્ફની રજૂ કરી રહ્યા છે. ગઝલના ચાહકો અને સંગીત રસિયાઓ માટે ઓડીસી વિવિધ સંગીત નિષ્ણાંતો દ્વારા ભારતીય શાસ્ત્રીય પરંપરાના વિવિધ વાદ્યો સાથે રજૂ થતી ગઝલ એક નોંધપાત્ર પાસું બની રહેશે.

ગઝલ કીગ જગજીત સિંઘ જણાવે છે કે "આ ભવ્ય ગઝલ સિમ્ફની એક ઐતિહાસિક અને યાદગાર કાર્યક્રમ બની રહેશે".

ગઝલ સિમ્ફનીનો કન્સેપ્ટ જગજીત સિંઘ સાથે છેલ્લા ૨૦ વર્ષથી જોડાયેલા કુલદીપ દેસાઈ દ્વારા તૈયાર કરાયો છે. સંગીતની તરજો દીપક પંડીત (પ્રસિધ્ધ સૂફી સંગીત બેલડી શંકર-શંભુ ફેઈમ શંભુલાલ પંડીતના પુત્ર)દ્વારા રચવામાં આવી છે. શ્રી કુલદીપ દેસાઈ જણાવે છે કે "ઓડીસી કોર્પોરેશન આ પ્રાચીન ભારતીય કલા સ્વરૂપને રજૂ કરતા આ કાર્યક્રમને સહયોગ તેમજ પ્રોત્સાહન આપી રહ્યો છે તેનો અમને અત્યંત આનંદ છે. ઓડીસી કોર્પોરેશન ફિલ્મો, લાઈવ શોઝ અને ફેશનના માધ્યમથી હિન્દી, મરાઠી અને અંગ્રેજી સહિત વિવિધ ભાષાઓમાં કાર્યક્રમો રજૂ કરી રહ્યું છે."

સરળ રજૂઆત દ્વારા યાદગાર ક્ષણો અને લાગણીઓની અભિવ્યક્તિ દ્વારા જગજીત સિંઘ સમય, ભાષા અને સંસ્કૃતિના બાધ વગર મખમલી અવાજ દ્વારા ગઝલ ચાહકોમાં ખૂબ જ લોકપ્રિય બન્યા છે. તેમણે ગઝલને સામાન્ય માણસોમાં લોકપ્રિય બનાવી છે. જગજીત સિંઘની ગઝલો તમામ વયના લોકોને આકર્ષે છે. વિશ્વના સંગીત ચાહકો સમક્ષ ગઝલ રજૂ કરવાનું બહુમાન તેમને પ્રાપ્ત થયું છે. તેમણે ઉર્દુ કવિતા રચનાઓને શ્રોતાઓ સુધી પહોંચાડી છે.

Contd...2

ઓડીસી કોર્પોરેશનના મેનેજીંગ ડિરેક્ટર શ્રી હેમાંશુ મહેતા જણાવે છે કે “સૌ પ્રથમવાર યોજાતી ગઝલ સિમ્ફની માત્ર ભારત માટે જ નહીં પણ દુનિયા માટે એક કલાત્મક રજૂઆતનું ઉચ્ચતમ સ્તર બની રહેશે. અમે ઓડીસી કોર્પોરેશન મારફતે આ અનોખો સમારંભ ભારત અને વિશ્વના ગઝલ ચાહકો સમક્ષ મૂકવાનું ગૌરવ અનુભવી રહ્યા છીએ.”

ઓડીસી કોર્પોરેશનના એન્ટરટેઈનમેન્ટ ડીવીઝનની ભારત ખાતેની કામગીરી સંભાળતા પ્રદીપ ગોરડીયા જણાવે છે કે “પ્રસિધ્ધ ગઝલ ગાયક અને પદ્મભૂષણથી વિભૂશીત જગજીત સિંઘ હિન્દી, પંજાબી અને ઉર્દુ ગાયકી ઉપર સંપૂર્ણ પ્રભુત્વ ધરાવે છે. તેમણે તેમની વિશિષ્ટ અભિવ્યક્તિ દ્વારા ભારતીય શાસ્ત્રીય સંગીતને પણ મહત્વ આપ્યું છે. ઓડીસી કોર્પોરેશન ગઝલના જાદુ અને લયને રજૂ કરતા દૂત તરીકે વિશ્વના મંચ ઉપર જગજીત સિંઘને રજૂ કરશે.”

પ્રસિધ્ધ ગાયક તથા સાવરીયા ફેમ પાર્થિવ ગોહિલ ઓડીસી કોર્પોરેશનના એન્ટરટેઈનમેન્ટ ડિવીઝનના ડિરેક્ટર છે. પાર્થિવ ગોહિલની નિપુણતા અને પ્રયાસોને કારણે ઓડીસી કોર્પોરેશનએ મનોરંજન અને મિડિયા ક્ષેત્રે પ્રવેશ કર્યો છે. પાર્થિવ ગોહિલે સક્રીયપણે ગઝલ સિમ્ફનીના સમારંભના કન્સેપ્ટને આગળ વધાર્યો છે. વધુમાં કુલદીપ દેસાઈના સહયોગને કારણે વર્ષો જૂનુ આ સ્વપ્ન સાકાર બન્યું છે. ગઝલ સિમ્ફની ભારત અને વિશ્વના વિવિધ સ્થળોએ રજૂ કરાશે. આ વર્ષે પદ્મભૂષણ જગજીત સિંઘજીનું ૭૦ મું વર્ષ ઉજવાઈ રહ્યું છે ત્યારે શ્રોતાઓ તેમની ગાયકીથી મંત્રમુગ્ધ બની રહેશે.

**ઓડીસી કોર્પોરેશન અંગે:**

ઓડીસી કોર્પોરેશન લિ. એ મુંબઈનું ઉભરતું ફિલ્મ નિર્માણ અને ડીસ્ટ્રીબ્યુશન હાઉસ છે. ઓડીસી કોર્પોરેશનનો એકમાત્ર ઉદ્દેશ નિર્માણ દ્વારા વિવિધ ફિલ્મ પ્રોજેક્ટ હાથ ધરીને મનોરંજનના પરિબળ સાથે સમાધાન કર્યા વગર ભવિષ્યમાં ક્વોલિટી સિનેમાનું નિર્માણ કરવાનું છે. કંપની ભારતના ફિલ્મ જગતના ઓરીજનલ ટેલેન્ટને પ્રોત્સાહન આપીને તેમના શ્રેષ્ઠ સર્જનને રજૂ કરવા માંગે છે. ઓડીસી કોર્પોરેશન લિ. એ મુંબઈ શેરબજારમાં નોંધાયેલી પબ્લિક લિ. કંપની છે. અમે કન્સ્ટ્રક્શન બિઝનેસ ઉપરાંત ફાયનાન્સિયલ સર્વિસીસ ક્ષેત્રે પણ કાર્યરત છીએ.

ઓડીસી કોર્પોરેશન લિ. હાલમાં ઓન ડ્યુટી ૨૪ તાસ નામની મરાઠી ફીલ્મનું નિર્માણ કરી રહી છે. પ્રસિધ્ધ ફિલ્મ મેકર કેદારસિંદે આ ફિલ્મનું દીગ્દર્શન સંભાળી રહ્યા છે. આ ફીલ્મ ટુંક સમયમાં સમગ્ર મહારાષ્ટ્રમા ંરજૂ થશે. ઓડીસી કોર્પોરેશન એન્ટરટેઈન્મેન્ટ ડિવિઝન ગઝલ સિમ્ફનીના નેશનલ અને ઈન્ટરનેશનલ સમારંભો ઉપરાંત હિન્દી તથા વિવિધ ભાષાઓમાં ફિલ્મો તૈયાર કરી રહ્યું છે જે મનોરંજનની દુનિયામાં ધૂમ મચાવશે.

**ગઝલ કીંગ જગજીત સિંઘ અંગે:**

ગઝલ કીંગ જગજીત સિંઘને સદાબહાર ગાયક અને સફળ કમ્પોઝર ગણવામાં આવે છે. તેમને આ ક્ષેત્રે અદભૂત પ્રશંસા અને કોમર્શિયલ સફળતા પ્રાપ્ત થઈ છે. ચાર દાયકાને આવરી લેતી તેમની દીર્ઘ કારકીર્દિમાં તેમણે ૫૦ આલ્બમ રજૂ કર્યા છે. તેમને ૧૯૭૯ અને ૮૦ના દાયકામાં ભારતીય ગઝલ ગાયીકા સાથે એક સફળ બેલડી તરીકે (પતિ-પત્નિ) અનેક કાર્યક્રમો આપ્યા છે, જે ભારતીય સંગીતના ઈતિહાસમાં નોંધપાત્ર બની રહ્યા છે. આ બંને કલાકારો આધુનિક ગઝલ ગાયકીના પાયોનિયર ગણાય છે.તેમણે પંજાબી, હિન્દી, ઉર્દુ, બંગાળી, ગુજરાતી, સિંધી અને નેપાળી ભાષામાં ગાયું છે. તેમને વર્ષ ૨૦૦૩માં ભારતનો ત્રીજા નંબરનો સૌથી મોટો ખિતાબ પદ્મભૂષણ એનાયત થયો હતો.